નં.- ડીએ/જોગવાઇ/નવા જાહેરનામા/ 7193
વાહન વ્યવહાર કમિશનરની કચેરી
બ્લોક નં.-ડ, બીજો માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજય, ગાંધીનગર.
તારીખઃ- 30 SEP 2019

પ્રતિ,
પ્રમુખશ્રી,
અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સોર્ટ એસીસીએશન
૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર,
સ્વામીનારાયણ મંદિરની સામે,
શાહીબાગ, અમદાવાદ- ૩૮૦૦૦૪.

વિષયઃ-રાજય સરકારે દંડની જોગવાઇ અંગે નવા બહાર પાડેલા જાહેરનામા બાબત

અનુઃ- અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશનના રેફરન્સ નંબર – એ.જી.ટી.ટી.એ/૨૦૧૯-૨૦૨૦/૧૯ તારીખ – ૨૩.૦૯.૨૦૧૯.

આપના તા. ૨૩.૦૯.૨૦૧૯ ના પત્રમાં માંગ્યા મુજબની સ્પષ્ટતા આ સાથે સામેલ રાખેલ છે. જેની જાણ થવા વિનંતી.

ખાસ ફરજ પરના અધિકારી
વાહન વ્યવહાર કમિશનરની કચેરી
ગુજરાત રાજય, ગાંધીનગર.

નકલ સવિનય રવાનાઃ-

- પ્રતિ, અગ્રસચિવશ્રી, વાહન વ્યવહાર, બ્લોક નં.-૨, બીજો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.

AGTTA
DT.: 11/10/2019
File No.: 19

અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન

રેફરન્સ નંબર – એ.જી.ટી.ટી.એ/૨૦૧૯-૨૦૨૦/૧૯ તારીખ – ૨૩.૦૯.૨૦૧૯.

રાજય સરકારે દંડની જોગવાઇ અંગે નવા બહાર પાડેલા જાહેરનામા બાબતની સ્પષ્ટતા.

---

| અ.નં | રજુઆત | સ્પષ્ટતા |
|---|---|---|
| ૧ | <u>ડ્રાઇવીંગ લાયસન્સ સસ્પેન્શન અંગે</u><br>ઉપરોકત જાહેરનામામાં કલમ ૧૮૩ મુજબ ખાસ કરીને કોમર્શીયલ માલવાહક વાહનો અને ટ્રકોમાં કે જેમાં સ્પીડ ગર્વનર (સ્પીડ લીમીટીંગ ડિવાઇસ) ફરજીયાતપણે લગાડેલ હોય છે. તેમ છતા આ કલમ હેઠળના પહેલા ગુનામાં રૂા. ૪૦૦૦/- નો દંડ અને બીજા ગુનામાં છ માસ માટે ડ્રાઇવીંગ લાયસન્સ સસ્પેન્ડ કરવાની જોગવાઇ છે. જે ખાસ કરીને માલવાહક વાહનો અંગે યોગ્ય લાગતું નથી અને આમ પણ અત્યારે ૨૦% થી ૨૫% વાહનો ડ્રાઇવરની અછતને કારણે "ઓફ રોડ" છે. જે ડ્રાઇવરોની અછતમાં વધારો કરી શકશે તેમજનાના ગાડી માલીકોએ (Self Employed) બેરોજગારીના ભોગ બનવું પડશે. | કેન્દ્ર સરકારના નવા કાયદા અન્વયે ગુજરાત સરકારના જાહેરનામાની અમલવારી કરવા બાબત. |
| ૨ | <u>વાહન ઉપર લાગતા દંડની જોગવાઇની ચોખવટ અંગે.</u><br>અમને મળેલ રજુઆત મુજબ ઘણી જગ્યાએ કોઇપણ ગુના હેઠળ કરવામાં આવેલ ગુનામાં વાહન માલીક અને ડ્રાઇવર ઉપર અલગ-અલગ દંડ લેવામાં આવે છે જે જાહેરનામાની વિગતો જોતાં આવું કોઇ પ્રાવીધાન નથી અને ખાસ કરીને રોડ ઉપર ટ્રાફિકનું નિયમન કરતા પોલીસ દ્વારા ઉપરોકત અર્થઘટન કરી બમણો દંડ લેવામાં આવે છે. જે યોગ્ય છે કે નહીં તેની ચોખવટની જરૂર છે. | મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ ની જોગવાઇ મુજબ માલિક અને ડ્રાઇવર ઉપર અલગ-અલગ દંડ લેવાય છે. |
| 3 | <u>ઓવરલોડના દંડની જોગવાઇ અંગે.</u><br>જો કે ઓવરલોડના ગુનાઓમાં ઓવરલોડ કરનાર કોઇપણ ટ્રાન્સપોર્ટર કે વાહન અંગે સંસ્થા તરીકે અમને કોઇ સહાનુભૂતિ નથી કે કોઇ રજુઆત નથી કરવા માંગતા, પણ ઉપરોકત જાહેરનામામાં દર્શાવેલ દંડની જોગવાઇ મુજબ ઓવરલોડના | જાહેરનામા મુજબ જોગવાઇની અમલવારી કરવાની રહે છે. ઓવરલોડના કિસ્સામાં પોલીસને કેસ કરવાની સત્તા નથી. |

| | | |
|---|---|---|
| | પહેલા ટનના રૂ. ૫૦૦૦/- અને ત્યારબાદ તેના ઉપરના પ્રત્યેક ટનદીઠ રૂ. ૧૦૦૦/- ની જોગવાઇ છે.<br>તે અંગે અમારી નમ્ર રજુઆત એ છે કે પ્રથમ એક ટનના રૂ. ૧૦૦૦/- અને ત્યારબાદ વધારાના ટન દીઠ આપને યોગ્ય લાગે તે રીતે દંડ જાહેર કરી શકો છો કારણ કે ઉપરોકત જોગવાઇ મુજબ જે લોકો ઇન્ટરનેશનલ ઓવરલોડર નથી પણ તેના સિવાયના કોઇપણ બીજા ધ્યન બહારના કે કન્ટ્રોલ બહારના કારણોસર અમુક કિ.ગ્રાના વજનફેરને કારણે રૂ. ૫૦૦૦/-ના દંડની વ્યાખ્યામાં આવી જતા ખોટી તકલીફ ઉભી થઇ શકે છે.<br><br>સાથેસાથે અમારો સવાલ એવો છે કે ઉપરોકત જાહેરનામા પ્રમાણે ઓવરલોડ અંગે કલમ ૧૯૪(૧) મુજના તેના દંડની સત્તા મોટર વ્હીકલ્સ એકટના અમલદારોને જ આપેલ છે તો પોલીસ આ બાબતના કેસ કરી શકે? | |
| ૪ | <u>જુના ડીએ કેસ અંગે.</u><br>અમને રાજયભરમાંથી ઘણી રજુઆતો મળી છે અને તે મુજબ વર્તમાન વાહન માલીકની જાણ બહાર ઘણા બધા જુના ડીએ કેસને કારણે વાહન અંગેના કોઇપણ કામ માટે આર.ટી.ઓ. કચેરીમાં જતા જે તે કામ દંડ ભર્યાવગર થઇ શકતું નથી અને વાહન અટકી જાય છે. આ ઉપરાંત નવું જાહેરનામું બહાર પાડયા પહેલાના જુના ડીએ કેસમાં જુના પરિશિષ્ટ પ્રમાણે જ દંડ લેવો જોઇએ એવી અમારી નમ્ર રજુઆત છે. | વિચારણા હેઠળ છે. આખરી નિર્ણય થયેથી જાણ કરવામાં આવશે. |
| ૫ | <u>વ્યાપારિક માલવાહક વાહનોમાં સીટબેલ્ટ અંગે.</u><br>અમને મળેલ ફરીયાદ મુજબ ઉપરોકત વાહનોમાં કલમ ૧૯૪(બી) મુજબ ડ્રાઇવર સીવાય કંડકટર/હેલ્પર/ખલાસી/મજુરને પણ સીટબેલ્ટ ન બાંધવા અંગે દંડ થાય છે. તો અમારી રજુઆત એવી છે કે કલમ ૧૯૪(બી) માંથી માલવાહક વ્યપારીક વાહનોમાંથી ડ્રાઇવર સિવાયનાને લાગુ ન પડવાની ચોખવટ થવી જોઇએ. | કાયદાકીય ચકાસણી કરી જવાબ આપવામાં આવશે. |

| | | |
|---|---|---|
| ૬ | <u>રીઝીડ ચેસીસમાં હાઇટ અંગેના ગુના અંગે.</u><br>ઉપરોકત બાબતે તા. ૦૩.૦૫.૨૦૧૬ના પત્ર મુજબ એગ્રો પ્રોડકટ, હાઉસ હોલ્ડની સાથે લુઝ ગુડઝનો સમાવેશ કરેલ, જે તા. ૧૨.૦૯.૨૦૧૯ના જાહેરનામા પ્રમાણે તેનો પાઇપ્સ, મેટલ પ્લેટ્સ અને ચેનલ્સ સાથે સમાવેશ કરેલ છે, જે અંગે તેને એગ્રો પ્રોડકસ અને હાઉસ હોલ્ડ ગુડસની કેટેગરીમાં ફરી સમાવેશ કરવાની અમારી રજુઆત છે. | નવા કાયદા મુજબ બરાબર છે. તા ૧૨.૦૯.૨૦૧૯ ના જાહેરનામા મુજબની જોગવાઇ બરાબર છે. |
| ૭ | <u>કલમ ૧૯૦(૨) ના પ્રોવિઝન અંગે.</u><br>ઉપરોકત જાહેરનામામાં ઉપર જણાવેલ કલમ મુજબ રોડ સેફટી, એર પોલ્યુશન અને નોઇસ પોલ્યુશન અંગેની દંડની જોગવાઇઓમાં કયા પ્રકારના ગુના હેઠળ દંડ થઇ શકે તેની વિગતો નથી. જેની ચોખવટ જરૂરી છે. જેથી આ કલમ હેઠળ ખોટા અર્થઘટનની ખોટી દંડકીય કાર્યવાહી નિવારી શકાય તેમજ વિગતો મળતા તેનું પાલન કરવા માલવાહક વાહનોને તે પ્રમાણે સક્ષમ કરી શકાય. | કલમ સ્વયંસ્પષ્ટ છે તેમ છતા કોઇ ચોક્કસ કેસ સાથે ધ્યાન દોરવામાં આવશે તો જરૂરી વિચારણા કરવામાં આવશે. |
| ૮ | <u>કલમ ૧૮૩ અને કલમ ૧૮૪ના પ્રાવિધાન મુજબ.</u><br>ઉપરોકત કલમોમાં જણાવેલ વિગતો મુજબ વધુ સ્પીડ તેમજ ખતરનાક ડ્રાઇવીંગમાં માલવાહક વ્યાપારિક વાહનો અંગેની ચોખવટ કે તેમને બાકાત રાખવા રજુઆત છે કારણકે દરેક વ્યાપારિક માલવાહક વાહનોમાં સ્પીડ લીમીટ ડિવાઇસ ફરજીયાત છે. | તા. ૧૨.૦૯.૨૦૧૯ ના જાહેરનામા મુજબ કલમ ૧૮૩ અને કલમ ૧૮૪ અન્વયે દર્શાવ્યા મુજબની અમલવારી કરવાની રહે છે. બાકાત રાખવાની માંગણી ગ્રાહય રાખી શકાય તેમ નથી. |
| ૯ | <u>ગાડીના ડોકયુમેન્ટ અંગે.</u><br>ઉપરોકત વિગતે ખાસ વિનંતી કરવાની કે રાજયમાં વહન કરતી ગાડીઓમાં ગાડીના ઓરીજીનલ ડોકયુમેન્ટ્સને બદલે નોટરાઇઝડ કે સર્ટીફાઇડ ટ્રુ કોપી માન્ય રાખવામાં આવે. | વાહન માલિક અને ડ્રાઇવર mParivahan અને Digi Locker માં દર્શાવ્યા મુજબના વાહનો સાથે રાખવામાં આવે તો માન્ય ગણવામાં આવે છે. જે કાયદેસરછે. તેથી ઓરીજનલ નોટરાઇઝડ કે સર્ટીફાઇડ ખરી નકલ રાખવાની જરૂર નથી. તપાસ અધિકારી વાહન ૪.૦, સારથી ૪.૦ અને ઇ-ચલણ દ્વારા પણ માહિતીની ચકાસણી કરી શકે છે. |